અપીલ અરજી નં.૩૯૨ તા.૯–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રાજેન્દ્ર વસંતલાલ કાપડીયા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાજેન્દ્ર વસંતલાલ કાપડીયાની તા. ૦૫–૧૦–૧૧ની અરજીથી ઘર નં.૧૨/૨૭૩, પટવા શેરી,લીમડાચોક, સુરત–૩વાળી આખી મિલકત કયા કયા ટેનામેન્ટ નંબરથી આપના દફતરે નોંધવામાં આવેલ છે. આજદિન સુધી કોના કોના નામે ટ્રાન્સફર કરવામાં આવી અને કયા પુરાવાને આધારે નામફેર કરવામાં આવ્યા તે અંગેની વિગતવાર સંપૂર્ણ માહિતી પુરાવા સહિત આપવા વિનંતી વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૯–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૨/૨૦૧૧–૧૨

શ્રી રાજેન્દ્ર વસંતલાલ કાપડીયાની તા. ૦૫–૧૦–૧૧ની અરજીથી ઘર નં.૧૨ / ૨૭૩, પટવા શેરી , લીમડાચોક, સુરત–૩ વાળી આખી મિલકત કયા કયા ટેનામેન્ટ નંબરથી આપના દફતરે નોંધવામાં આવેલ છે. આજદિન સુધી કોના કોના નામે ટ્રાન્સફર કરવામાં આવી અને કયા પુરાવાને આધારે નામફેર કરવામાં આવ્યા તે અંગેની વિગતવાર સંપૂર્ણ માહિતી પુરાવા સહિત આપવા વિનંતી વિ. માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. એ.આર.ડી / ૨૪૪(આકારણી અને વસુલાત વિભાગ) તા. ૧–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તા. ૧–૧૧–૧૧નો પત્ર બજવણી–મોકલ્યાના આધાર ટપાલ ,પાવતી,રૂબરૂમાંની વિગત મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૧૮ તા.૨૧–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને ફી ભરપાઈ કર્યાની વિગત અપીલ સાથે રજૂ કરેલ ન હોઈ તેની નકલ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૩૧૪ તા.૨૨–૧૧–૧૧ થી પૂરક વિગતોમાં મુળ અરજીની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૫–૧૧–૧૧ ના પત્રથી મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, કાર્યપાલક ઈજનેર વેસ્ટઝોન તરફથી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૬૫૧ તા.૧૦–૧૦–૧૧ થી તબદીલ થયેલ પત્રની નકલ , સેન્ટ્રલઝોન તરફથી અરજદારને પત્ર નં.એઆરડી/ ૨૪૪ તા.૧–૧૧–૧૧ થી આપેલ માહિતી અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. ત્યાર બાદ અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૧૧૭૦ તા.૧–૧૨–૧૧ થી પાઠવેલ પત્ર સંદર્ભે તા.૮–૧૨–૧૧ થી પૂરક વિગતોનો પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા.૫–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સંબોધતી વેસ્ટઝોન ખાતે કરવામાં આવેલ. વેસ્ટઝોન તરફથી નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/૬૫૧ તા.૧૦–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.એઆરડી/ ૨૪૪ તા.૧–૧૧–૧૧ થી અરજદારને નિયત સમય અવધિમાં " વોર્ડ નં.૧૨/૨૦૩ વાળી મિલ્કતમાં નામફેરની મળેલ અરજીના અનુસંધાને ભરેલ રીકવીઝીશન ફોર્મ સીટી સર્વેની નકલ દસ્તાવેજ તેમજ રજૂ કરેલ મરણના દાખલાઓને આધારે નવા નંબર ટેના નં.૧૨એ–૦૩–૩૦૩–૦–૦૦૧ આપી નામફેર કરવામાં આવેલ છે જે તમારા પુરાવાની નકલ પાના નંગ–૩૬ ના રૂ.૭૨/– ભર્યેથી મેળવી શકશો. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે ઘર નં.૧૨/ ૨૭૩ પટલા શેરી લીમડાચોક સુરત વાળી મિલ્કતની માહિતી માંગવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૧૨/૨૦૩ ની માહિતીના પુરાવા મેળવવા જણાવવામાં આવેલ છે. જે સમય મર્યાદા બાદ મળેલ છે. તેથી માહિતી ફી માં પરિસ્થિતિ નું સર્જન કરી સંસ્થાને આર્થિક નુકશાન પહોંચાડવાના કારણસર અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને આરટીઆઈ સેલ/૧૧૭૦ તા.૧–૧૨–૧૧ થી દસ્તાવેજ ફી ભરી માહિતી મેળવેલ છે કે કેમ? તેવી વિગતો માંગવામાં આવતા અરજદાર તરફથી તા.૮–૧૨–૧૧ ના રોજ માહિતી મળેલ છે અને ખોટી સમય મર્યાદા બાદ માહિતી મળેલ હોવાથી અમારા તરફથી દસ્તાવેજ ફી ભરી માહિતી બાબતેના પુરાવાની નકલો મેળવવામાં આવેલ નથી. જે બાબતે જણાવવાનું કે અરજદારની મુળ અરજી તા.૫–૧૦–૧૧ છે અને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.એઆરડી/૨૪૪ તા.૧–૧૧–૧૧ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે જે સમય મર્યાદાની અંદર ગણી શકાય. આરટીઆઈ એકટની કલમ–૭(૩) (ક)

મુજબ જાણ કર્યાની ફી ચૂકવણી કર્યાની મુદત બાકાત રાખવી જોઈએ તેવી જોગવાઈ છે. આથી સંસ્થાને નુકશાન કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એઆરડી/૩૧૪ તા.૨૨–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને જે માહિતી આપવામાં આવેલ છે તે વોર્ડ નં.૧૨ અને નોંધ નં.૨૭૩ ની છે. પરંતુ નોંધ નં.૨૭૩ ની જગ્યાએ શરતચૂકથી ૨૦૩ થયેલ હોવાનું જણાવેલ છે. આમ અરજદારને ૨૭૩ ની માહિતી પૂરી પાડવામાં આવેલ હોવાથી અરજદાર જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર માહિતી મેળવવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૫–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી સમય અવધિમાં માહિતી પૂરી પાડવામાં આવેલ છે જે ખરેખર વોર્ડ નં.૧૨/૨૭૩ ની છે. આથી અરજદારે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી રાજેન્દ્ર વસંતલાલ કાપડીયા,